Seat No. : _______________

# AF-116

**April-2016**

**B.Com., Sem.-VI**

**CE 303 (A) : Advance Accounting & Auditing**
**(Management Accounting – II)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) જમણી બાજુના આંકડા પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.
(2) જરૂરી ગણતરી જવાબના ભાગરૂપે કરો.

1. 'સત્યસંકલ્પ કંપની લિમિટેડ' માં વસ્તુ 'A' નું ઉત્પાદન થાય છે. પ્રમાણ-પડતર પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. ઉત્પાદિત વસ્તુ 'A' નાં 750 કિલોગ્રામનાં પ્રમાણ ઉત્પાદન અંગે પડતરની નિર્દિષ્ટ માહિતી નીચે પ્રમાણે છે : **14**

| **માલસામાન** | **જથ્થો (કિ.ગ્રામ)** | **ભાવ ₹ (પ્રતિ કિ. ગ્રામ)** | **પડતર ₹** |
|---|---|---|---|
| X | 600 | 5.00 | 3,000 |
| Y | 150 | 8.00 | 1,200 |
| Z | 150 | 2.00 | 300 |
| | 900 | 5.00 | 4,500 |
| ઉત્પાદન | 750 | 6.00 | 4,500 |

માલસામાનની માહિતી નીચે મુજબ છે :

| **માલસામાન** | **માર્ચમાં વપરાશ** |
|---|---|
| X | 1,17,750 કિ.ગ્રામ પ્રતિ કિ.ગ્રામ ₹ 4.80 |
| Y | 28,500 કિ.ગ્રામ પ્રતિ કિ.ગ્રામ ₹ 8.40 |
| Z | 27,000 કિ.ગ્રામ પ્રતિ કિ.ગ્રામ ₹ 2.20 |

માર્ચ માસમાં ખરેખર 1,50,000 કિલોગ્રામનું ઉત્પાદન તૈયાર કરવામાં આવ્યું હતું.

**આ વિગતોના આધારે :**

(i) માલસામાન ખર્ચ વિચલન

(ii) માલસામાન ભાવ વિચલન

(iii) માલસામાન વપરાશ વિચલન

(iv) માલસામાન મિશ્રણ વિચલન

(v) માલસામાન ઊપજ વિચલનની ગણતરી કરો.

**અથવા**

1. 'દેવનંદન મેન્યુફેક્ચરીંગ લિમિટેડ'માં એક વસ્તુના એક એકમનાં ઉત્પાદન માટે રોકેલા કામદારોને લગતી માહિતી નીચે મુજબ છે : **14**

| **પ્રકાર** | **કલાકો** | **મજૂરી દર ₹** | **કુલ રકમ ₹** |
|---|---|---|---|
| કુશળ કામદારો | 45 | 12.00 | 540 |
| અર્ધકુશળ કામદારો | 72 | 6.00 | 432 |
| બિનકુશળ કામદારો | 36 | 9.00 | 324 |
| | 153 | | 1296 |

ખરેખર કામગીરી : ખરેખર ઉત્પાદન 150 એકમોનું થયું છે.

| **પ્રકાર** | **કલાકો** | **મજૂરી દર ₹** | **કુલ રકમ ₹** |
|---|---|---|---|
| કુશળ કામદારો | 6,300 | 15.00 | 94,500 |
| અર્ધકુશળ કામદારો | 13,500 | 5.40 | 72,900 |
| બિનકુશળ કામદારો | 5,670 | 9.00 | 51,030 |
| | 25,470 | | 2,18,430 |

નીચેના વિચલનો ગણો :

(i) મજૂરી ખર્ચ વિચલન

(ii) મજૂરી દર વિચલન

(iii) મજૂર પેટા કાર્યક્ષમતા વિચલન

(iv) મજૂર મિશ્રણ વિચલન

2. 'નિર્ગુણ કંપની લિમિટેડ' પ્રમાણ પડતર પદ્ધતિથી ઘણા સમયથી કાર્ય કરે છે. તેના પડતરનાં હિસાબો પરથી માર્ચ-2016 અંગે નીચેની માહિતી પ્રાપ્ત થાય છે : **14**

| **વિગત** | **બજેટ** | **ખરેખર** |
|---|---|---|
| ઉત્પાદન (એકમોમાં) | 90,000 | 97,500 |
| કામકાજનાં કલાકો | 90,000 | 99,000 |
| સ્થિર શિરોપરી ખર્ચા (₹) | 1,35,000 | 1,50,000 |
| ચલિત શિરોપરી ખર્ચા (₹) | 5,40,000 | 5,64,000 |
| કામકાજનાં દિવસો | 25 | 26 |

ઉપરની માહિતી પરથી ચલિત પરોક્ષ ખર્ચનાં વિચલનો અને સ્થિર પરોક્ષ ખર્ચનાં વિચલનો ગણો.

**અથવા**

2. નીચેની માહિતી પરથી 'ભક્તવત્સલ કંપની લિ.' માટે ગણતરી કરો : **14**

(i) કુલ વેચાણ વિચલન

(ii) વેચાણ કિંમત વિચલન

(iii) વેચાણ જથ્થા વિચલન

(iv) વેચાણ મિશ્રણ વિચલન

(v) વેચાણ પેટા જથ્થા વિચલન

| વસ્તુ | પ્રમાણ | | | ખરેખર | | |
|---|---|---|---|---|---|---|
| | જથ્થો | એકમદીઠ વેચાણકિંમત ₹ | કુલ ₹ | જથ્થો | એકમદીઠ વેચાણકિંમત ₹ | કુલ ₹ |
| X | 2,500 | 22.50 | 56,250 | 2,500 | 22.50 | 56,250 |
| Y | 1,600 | 54.00 | 86,400 | 2,400 | 56.25 | 1,35,000 |
| Z | 1,500 | 42.00 | 63,000 | 2,000 | 40.50 | 81,000 |
| **કુલ** | **5,600** | | **2,05,650** | **6,900** | | **2,72,250** |

3. (a) નાણાંના સમયમૂલ્યનો ખ્યાલ સમજાવો. ચક્રવૃદ્ધિ અને વટાવનાં ખ્યાલો સંક્ષિપ્તમાં સમજાવો. **7**

(b) સુગમ લિ. એક યંત્ર ₹ 10,00,000માં ખરીદવા માંગે છે. જેનું આયુષ્ય દસ (10) વર્ષ છે. ઉપયોગી આયુષ્યનાં અંતે તેની ભંગાર કિંમત ₹ 1,00,000 છે. પાંચ વર્ષનો કરવેરા પહેલાનો અંદાજીત નફો નીચે મુજબ છે : **4**

| **વર્ષ** | 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|---|
| **અંદાજીત નફો ₹** | 3,00,000 | 4,80,000 | 4,60,000 | 4,20,000 | 4,00,000 |

કરવેરાનો દર 50% છે. ઘસારો સીધી લીટીએ ગણવાનો હોય, તો પરત આપ સમય ગણો.

(c) ₹ 25,000 નું ચાર વર્ષના અંતે 10% ના દરે ચક્રવૃદ્ધિ મૂલ્ય કેટલું થાય ? નીચેની બે પરિસ્થિતિ માટે જવાબ શોધો : **3**

(i) ચક્રવૃદ્ધિ વાર્ષિક ધોરણે થતું હોય,

(ii) ચક્રવૃદ્ધિ અર્ધ-વાર્ષિક ધોરણે થતું હોય.

**અથવા**

3. (a) સહજાનંદ લિમિટેડ ₹ 5,00,000ની કિંમતનું એક યંત્ર ખરીદવા માગે છે. યંત્રનું અંદાજિત આયુષ્ય પાંચ વર્ષનું છે. ભંગાર કિંમત નથી. કંપનીનો નિયત વળતરનો દર 15% છે. કરવેરાનો દર 50% છે. યંત્રનો ઘસારો અને કરવેરા પહેલાંની પાંચ વર્ષની અંદાજિત કમાણી નીચે મુજબ છે : **7**

₹ 1,75,000, ₹ 2,00,000, ₹ 2,60,000, ₹ 2,25,000, ₹ 1,50,000

ગણતરી કરો :

(i) પરત આપ સમય (વટાવેલ રોકડ-પ્રવાહનાં આધારે)

(ii) સરેરાશ વળતરનો દર

**નોંધ :** વાર્ષિક 15% ના વટાવ પરિબળે ₹ 1 નું વર્તમાન મૂલ્ય પાંચ વર્ષ માટે અનુક્રમે 0.870, 0.756, 0.658, 0.572 અને 0.497 છે.

(b) મિ. X એક એવા રોકાણ પ્લાનમાં જોડાય છે, જે હેઠળ 7 (સાત)મા વર્ષના અંતથી શરૂ કરી 15 વર્ષના અંત સુધી ₹ 5,000 ; 15% ના વ્યાજ દરે રોકે છે. 15માં વર્ષના અંતે તેને કેટલી રકમ મળશે ? **4**

(FVIFA 15%, 15 વર્ષ = 47.580, FVIFA 15%, 6 વર્ષ = 8.754)

(c) સરેરાશ વળતર દર પદ્ધતિનો ખ્યાલ સ્પષ્ટ કરો. **3**

4. ઉપાસના કંપની લિ. નીચેનાં બે યંત્રો પૈકી ગમે તે એક યંત્ર ખરીદવા માંગે છે. યંત્રોને લગતી માહિતી નીચે પ્રમાણે છે : **14**

| **વિગત** | **યંત્ર - A** | **યંત્ર - B** |
|---|---|---|
| યંત્રનું અંદાજિત આયુષ્ય | 5 વર્ષ | 5 વર્ષ |
| યંત્રની ખરીદ કિંમત (₹) | 6,30,000 | 5,25,000 |
| યંત્ર ગોઠવવાનો ખર્ચ (₹) | 50,000 | 75,000 |
| યંત્રની ભંગાર કિંમત (₹) | 80,000 | 50,000 |
| કરવેરાનો દર | 50% | 50% |
| કંપનીનો નિયત વળતરનો દર | 12% | 12% |

ઘસારો અને કરવેરા પહેલાં અંદાજી કમાણી :

| **વર્ષ** | **₹** | **₹** |
|---|---|---|
| 1 | 3,50,000 | 5,00,000 |
| 2 | 3,00,000 | 3,50,000 |
| 3 | 4,20,000 | 4,20,000 |
| 4 | 3,70,000 | 2,50,000 |
| 5 | 3,50,000 | 2,20,000 |

નીચેની પદ્ધતિઓને આધારે તમે કયા યંત્ર માટે સલાહ આપશો ? શા માટે ?

(i) પરત આપ સમય પદ્ધતિ

(ii) સરેરાશ વળતરના દરની પદ્ધતિ

(iii) ચોખ્ખા વર્તમાન મૂલ્યની પદ્ધતિ

₹ 1 નું પ્રથમ પાંચ વર્ષનું વર્તમાન મૂલ્ય 12% વટાવ દર મુજબ અનુક્રમે 0.893, 0.797, 0.712, 0.636, 0.567 છે.

**અથવા**

4. સુલભ કંપની લિમિટેડ પાસે રોકાણની એક દરખાસ્ત છે. જેમાં ₹ 10,00,000 નું રોકાણ કરવાનું છે. અને તેમાંથી અપેક્ષિત ચોખ્ખો નફો (ઘસારા અને કરવેરા પહેલાં) નીચે મુજબ છે : **14**

| વર્ષ | નફો ₹ | વર્ષ | નફો ₹ |
|---|---|---|---|
| 1 | 3,00,000 | 6 | 3,00,000 |
| 2 | 2,50,000 | 7 | 2,50,000 |
| 3 | 3,50,000 | 8 | 2,75,000 |
| 4 | 3,00,000 | 9 | 2,50,000 |
| 5 | 2,00,000 | 10 | 2,00,000 |

કંપની સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણે છે. તેનો કરવેરાનો દર 50% છે તેમ ધારી લો. મૂડીનો ખર્ચ 12% ધારીને (વટાવ દર) નીચેની ગણતરી કરો :

(i) નફાકારકતાનો આંક

(ii) 12% વટાવ અવયવ અને 15% વટાવ અવયવની મદદથી આંતરિક વળતરનો દર.

| વર્ષ | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 12% વટાવ અવયવે ₹ 1 નું વર્તમાન મૂલ્ય | 0.893 | 0.797 | 0.712 | 0.636 | 0.567 | 0.507 | 0.452 | 0.404 | 0.361 | 0.322 |
| 15% વટાવ અવયવે ₹ 1 નું વર્તમાન મૂલ્ય | 0.870 | 0.756 | 0.658 | 0.572 | 0.497 | 0.432 | 0.376 | 0.327 | 0.284 | 0.247 |

5. નીચે દર્શાવેલ દરેક પેટાપ્રશ્નોના એક કરતાં વધુ જવાબો આપેલા છે. તે પૈકીનો સાચો જવાબ શોધો અને તેના સમર્થનમાં જરૂરી ગણતરી અથવા સમજૂતી દર્શાવો. (ગમે તે **સાત**) : **14**

(1) X લિમિટેડ માસિક 12,500 એકમોના ઉત્પાદન માટે માલસામાનની પ્રમાણ પડતર ₹ 62,500 નક્કી કરે છે. દરેક એકમનો પ્રમાણ વપરાશ 2 કિલોનો છે, જે દરેકની પ્રમાણ કિંમત કિલોદીઠ ₹ 5 નક્કી કરવામાં આવી છે. મહિના દરમિયાન ખરેખર ઉત્પાદન 13,500 એકમોનું થયું. જેની પડતર ₹ 1,36,000 થઈ અને 26,500 કિલો માલસામાનની ખરીદી અને વપરાશ થયો.

ઉપરની વિગતો પરથી નક્કી કરો કે માલસામાન ભાવ વિચલન કેટલું હશે ?

(a) ₹ 1,000 (અનુ.) (b) ₹ 3,500 (પ્રતિ.)

(c) ₹ 3,500 (અનુ.) (d) ₹ 7,500 (પ્રતિ.)

(2) ખરીદ વિભાગના મેનેજર સામાન્ય રીતે નીચેના વિચલન માટે જવાબદાર ગણાય છે :

(a) પ્રત્યક્ષ માલસામાન ભાવ વિચલન

(b) મજૂર કાર્યક્ષમતા વિચલન

(c) ચલિત પરોક્ષ ખર્ચ વિચલન

(d) માલસામાન વપરાશ વિચલન

(3) દાસાનુદાસ કંપનીના માર્ચ-2016ના ઉત્પાદન અંગેના મજૂરી-ખર્ચની માહિતી નીચે મુજબ છે :

| | |
|---|---|
| ખરેખર ચૂકવેલ પ્રત્યક્ષ મજૂરી | (₹) 17,280 |
| પ્રત્યક્ષ પ્રમાણ કલાકો | 4,000 કલાકો |
| કલાકદીઠ મજૂરીનો પ્રમાણ દર | (₹) 4 |
| ખરેખર ચૂકવેલ કામના કલાકો | 3,600 કલાકો, જે પૈકી |
| અસામાન્ય નિષ્ક્રિય કલાકો | 160 |

તો, મજૂર કાર્યક્ષમતા વિચલન અને નિષ્ક્રિય સમય વિચલન અનુક્રમે _______ હશે.

(a) +2240 અને +640 (b) +2240 અને –640

(c) +4480 અને –1280 (d) –2240 અને +640

(4) અનાદિ લિમિટેડની નીચેની માહિતી પરથી :

| | **અંદાજિત** | **ખરેખર** |
|---|---|---|
| ચલિત પરોક્ષ ખર્ચ (₹) | 10,000 | 9,500 |
| કામદાર કલાકો | 2,000 | 2,050 |
| ઉત્પાદનના એકમો | 1,000 | 1,050 |

ચલિત પરોક્ષ ખર્ચ વિચલન નીચે મુજબ થશે :

(a) –1,000 (પ્રતિ.)
(b) +2,000 (અનુ.)
(c) +1,000 (અનુ.)
(d) –2000 (પ્રતિ.)

(5) જો વાર્ષિક વ્યાજ દર 20% હોય તો ચોથા અને છઠ્ઠા વર્ષનાં અંતે મળતા ₹ 5,000 નું વર્તમાન મૂલ્ય શું હશે ?

(a) 3,885
(b) 8,385
(c) 3,585
(d) 3,785

(6) ચક્રવૃદ્ધિ વ્યાજ નીચેના પૈકી એક ઉપર ગણાય છે :

(a) ફક્ત મુદ્દલ રકમ ઉપર
(b) ફક્ત વ્યાજની રકમ ઉપર
(c) મુદ્દલ રકમ + વ્યાજની રકમ ઉપર
(d) નાણાંના સમય મૂલ્ય ઉપર

(7) સંયમ લિમિટેડની નીચે આપેલ માહિતી પરથી વેચાણકિંમત વિચલન અને વેચાણ જથ્થા વિચલન ________ હશે :

| **વસ્તુ** | **પ્રમાણિત** | | **ખરેખર** | |
|---|---|---|---|---|
| | **એકમો** | **એકમદીઠ ₹** | **એકમો** | **એકમદીઠ ₹** |
| P | 2,250 | 37.50 | 3,000 | 36.00 |
| R | 1,500 | 35.00 | 1,050 | 35.00 |

(a) – 4,500 અને +12,375
(b) + 4,500 અને –12,375
(c) શૂન્ય અને –15,750
(d) + 4,500 અને +28,125

(8) રોકાણમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહનું વર્તમાન મૂલ્ય અને રોકાણનું વર્તમાન મૂલ્ય એકસરખું હોય તો તે યોજના

(a) અસ્વીકાર્ય છે.

(b) તેનો નફાકારકતાનો આંક એક કરતાં વધુ છે.

(c) તેનો નફાકારકતાનો આંક એક કરતાં ઓછો છે.

(d) તેનો નફાકારકતાનો આંક એક છે.

(9) સ્વર લિમિટેડ એક યંત્ર ₹ 2,40,000ની કિંમતે ખરીદવા માંગે છે. તેનો રોકડ પ્રવાહ પાંચ વર્ષ માટે અનુક્રમે નીચે મુજબ છે :

₹ 90,000, ₹ 1,20,000, ₹ 90,000, ₹ 70,000 અને ₹ 60,000. તેનો અપેક્ષિત વળતર દર 10% છે અને વટાવ પરિબળ પાંચ વર્ષ માટે અનુક્રમે 0.909, 0.826, 0.751, 0.683 અને 0.621 છે.

વટાવેલ રોકડ પ્રવાહનાં આધારે આ યંત્રની પરત આપ મુદત કેટલી હશે તે નક્કી કરો :

(a) 2.87 વર્ષ (b) 3.87 વર્ષ

(c) 3.5 વર્ષ (d) 4.5 વર્ષ

(10) એક કંપની એક યોજનામાં ₹ 9,60,000 રોકવા માંગે છે. તે યોજનાનું ઉપયોગી આયુષ્ય 6 વર્ષનું છે, અને ભંગાર કિંમત ₹ 60,000 છે. કરવેરાનો દર 50% છે. ઘસારો સીધી લીટીની પદ્ધતિથી ગણવામાં આવે છે. ઘસારો અને કરવેરા પહેલાનો નફો નીચે મુજબ છે :

₹ 1,80,000, ₹ 3,00,000, ₹ 2,84,000, ₹ 3,50,000, ₹ 4,25,000, ₹ 3,50,000

સરેરાશ રોકાણ પર વળતરનો દર કેટલો હશે ?

(a) 18.16% (b) 16.16%

(c) 32.64% (d) 16.94%

Seat No. : _______________

# AF-116

**April-2016**

## B.Com., Sem.-VI

## CE 303 (A) : Advance Accounting & Auditing (Management Accounting – II)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**Instructions :** (1) Figures to the right indicate full marks.

(2) Show the necessary calculations as a part of your answer.

1. "Satyasankalp Works Ltd. manufacturer of product 'A' uses a standard cost system. Standard product and cost specification for 750 kgs of product 'A' are as follows : **14**

| Materials | Quantity (kgs.) | Price per kg. | Cost ₹ |
|---|---|---|---|
| X | 600 | 5.00 | 3,000 |
| Y | 150 | 8.00 | 1,200 |
| Z | 150 | 2.00 | 300 |
| | 900 | 5.00 | 4,500 |
| Output | 750 | 6.00 | 4,500 |

Material records indicate :

| Materials | Consumption in March |
|---|---|
| X | 1,17,750 kgs @ ₹ 4.80/kg |
| Y | 28,500 kgs @ ₹ 8.40/kg |
| Z | 27,000 kgs @ ₹ 2.20/kg |

Actual finished production for the month of March is 1,50,000 kgs.

**Calculate :**

(i) Material Cost Variance

(ii) Material Price Variance

(iii) Material Usage Variance

(iv) Material Mix Variance

(v) Material Yield Variance

**OR**

1. Devnandan Manufacturing Ltd., data relating to workers employed for production of one unit of production is as follows : **14**

| **Types** | **Hours** | **Wage Rate ₹** | **Total Amount ₹** |
|---|---|---|---|
| Skilled Labour | 45 | 12.00 | 540 |
| Semi-skilled Labour | 72 | 6.00 | 432 |
| Unskilled Labour | 36 | 9.00 | 324 |
| | 153 | | 1296 |

Actual performance : Actual Production 150 units.

| **Types** | **Hours** | **Wage Rate ₹** | **Total Amount ₹** |
|---|---|---|---|
| Skilled Labour | 6,300 | 15.00 | 94,500 |
| Semi-skilled Labour | 13,500 | 5.40 | 72,900 |
| Unskilled Labour | 5,670 | 9.00 | 51,030 |
| | 25,470 | | 2,18,430 |

Calculate following variances :

(i) Labour Cost Variance

(ii) Wage Rate Variance

(iii) Labour Sub-Efficiency Variance

(iv) Labour Mix Variance

2. Nirgun Co. Ltd. is having standard costing system in operation for quite some time. The following data relating to the month of March 2016 is available from the cost records : **14**

| **Particulars** | **Budgeted** | **Actual** |
|---|---|---|
| Output (in units) | 90,000 | 97,500 |
| Operating Hours | 90,000 | 99,000 |
| Fixed Overheads (₹) | 1,35,000 | 1,50,000 |
| Variable Overheads (₹) | 5,40,000 | 5,64,000 |
| Working days | 25 | 26 |

You are required to work out the variable overheads variances and fixed overheads variances.

**OR**

2. From the following data of Bhaktvatsal Co. Ltd., **14**

Calculate :

(i) Total sales value variance

(ii) Sales price variance

(iii) Sales volume variance

(iv) Sales mix variance

(v) Sales sub-volume variance

| **Product** | **Standard** | | | **Actual** | | |
|---|---|---|---|---|---|---|
| | **Volume kgs.** | **Sales Price per unit ₹** | **Amount ₹** | **Volume kgs.** | **Sales Price per unit ₹** | **Amount ₹** |
| X | 2,500 | 22.50 | 56,250 | 2,500 | 22.50 | 56,250 |
| Y | 1,600 | 54.00 | 86,400 | 2,400 | 56.25 | 1,35,000 |
| Z | 1,500 | 42.00 | 63,000 | 2,000 | 40.50 | 81,000 |
| **Total** | **5,600** | | **2,05,650** | **6,900** | | **2,72,250** |

3. (a) Explain the concept of Time value of money and explain the concept of compounding and discounting in brief. **7**

(b) Sugam Ltd. wants to purchase machine worth of ₹ 10,00,000. Expected life is 10 years. Its scrap value is ₹ 1,00,000. Before tax expected profit for five year is as below : **4**

| **Year** | 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|---|
| **Profit in ₹** | 3,00,000 | 4,80,000 | 4,60,000 | 4,20,000 | 4,00,000 |

Tax rate is 50%. If depreciation is calculated on straight line method. Calculate payback period.

(c) What amount will be, if invested ₹ 25,000 for 4 years at 10% compound interest per annum ? **3**

(i) Compounding is done annually

(ii) Compounding is done semi-annually

**OR**

3. (a) The Sahajanand Ltd. wants to purchase a machine at the cost of ₹ 5,00,000. Estimated life of the machine is 5 years. There is no scrap value of the machine. Expected rate of return is 15%. Tax rate applicable is 50%. Estimated income before depreciation and tax is as follows : **7**

₹ 1,75,000, ₹ 2,00,000, ₹ 2,60,000, ₹ 2,25,000, ₹ 1,50,000

Calculate :

(i) Payback period on the basis of discounted cash flow

(ii) Average Rate of Return.

**Note** : At 15% discount factor, the present value of ₹ 1 for First Five years is 0.870, 0.756, 0.658, 0.572 and 0.497 respectively.

(b) If Mr. X invests ₹ 5,000 each year from the end of $7^{th}$ year to the end of $15^{th}$ year, what is the amount received by him at the end of $15^{th}$ year, if the rate of interest is 15% p.a. **4**

(FVIFA 15%, 15

yrs = 47.580, FVIFA 15%, 6 yrs = 8.754)

(c) Explain the concept of average rate of return method. **3**

4. Upasana Company Ltd. wants to purchase one machine out of two machines as details below of Machine A and Machine B : **14**

| **Particulars** | **A** | **B** |
|---|---|---|
| Estimated Utility years | 5 | 5 |
| Purchase price of machine (₹) | 6,30,000 | 5,25,000 |
| Erection expenses (₹) | 50,000 | 75,000 |
| Scrap value (₹) | 80,000 | 50,000 |
| Income tax rate | 50% | 50% |

| | | |
|---|---|---|
| Expected rate of return of company | 12% | 12% |

Expected income before depreciation and income tax :

| **Years** | **₹** | **₹** |
|---|---|---|
| 1 | 3,50,000 | 5,00,000 |
| 2 | 3,00,000 | 3,50,000 |
| 3 | 4,20,000 | 4,20,000 |
| 4 | 3,70,000 | 2,50,000 |
| 5 | 3,50,000 | 2,20,000 |

You are requested to guide the company, out of two machines which machine is to be purchased under :

(i) Pay back period method

(ii) Average rate of return method

(iii) Net present value method.

Why ?

Present value for the First Five Years at the rate of 12% discount for ₹ 1 is 0.893, 0.797, 0.712, 0.636, 0.567 respectively.

**OR**

4. Sulabh Company Ltd. is considering to invest in a project requiring a capital of ₹ 10,00,000. Forecast for annual net income before depreciation and tax is as follows : **14**

| **Year** | **₹** | **Year** | **₹** |
|---|---|---|---|
| 1 | 3,00,000 | 6 | 3,00,000 |
| 2 | 2,50,000 | 7 | 2,50,000 |
| 3 | 3,50,000 | 8 | 2,75,000 |
| 4 | 3,00,000 | 9 | 2,50,000 |
| 5 | 2,00,000 | 10 | 2,00,000 |

The company follows the straight line method of depreciation. Taxation is to be regarded as 50% of profit. You are required to evaluate the project according to each of the following methods :

(i) Profitability Index at 12% Discount factor.

(ii) Internal rate of return at 12% discount factor and at 15% discount factor.

| **Year** | **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** | **8** | **9** | **10** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Present value of ₹ 1 at 12% discount | 0.893 | 0.797 | 0.712 | 0.636 | 0.567 | 0.507 | 0.452 | 0.404 | 0.361 | 0.322 |
| Present value of ₹ 1 at 15% discount | 0.870 | 0.756 | 0.658 | 0.572 | 0.497 | 0.432 | 0.376 | 0.327 | 0.284 | 0.247 |

5. The sub questions below are provided with more than one answers. Find out true answer and also show your necessary calculations in support : (any **seven**) **14**

(1) X Ltd. has a budgeted material cost of ₹ 62,500 for the production of 12,500 units per month. Each unit is budgeted to use 2 kg of materials. The standard price of material is ₹ 5 per kg. Actual materials in the month cost ₹ 1,36,000 for 13,500 unit and 26,500 kg were purchased and used. What will be the material price variance ?

(a) ₹ 1,000 (F) (b) ₹ 3,500 (U)

(c) ₹ 3,500 (F) (d) ₹ 7,500 (U)

(2) The purchase department manager is usually held accountable for the

(a) Direct Material Price Variance

(b) Labour Efficiency Variance

(c) Variable Overhead Expenditure Variance

(d) Material Usage Variance

(3) The data regarding Labour-expense about production of the Dasanudas Company for March 2016 is as follows :

| | |
|---|---|
| Actual paid direct labour (₹) | 17,280 |
| Direct Standard Hours | 4,000 hrs. |
| Standard wage rate per hour (₹) | 4 |
| Actual paid hours | 3,600 hours |
| Abnormal idle time | 160 |

Hence the labour efficiency variance and idle time variance will be respectively

(a) +2240 and +640 (b) +2240 and –640

(c) +4480 and –1280 (d) –2240 and +640

(4) Information of Anadi Ltd. :

| | **Budgeted** | **Actual** |
|---|---|---|
| Variable Overheads (₹) | 10,000 | 9,500 |
| Labour Hours | 2,000 | 2,050 |
| Production (units) | 1,000 | 1,050 |

The variable overheads cost variance will be as under :

(a) –1,000 (u) (b) +2,000 (F)

(c) +1,000 (F) (d) –2000 (u)

(5) If the annual interest rate is 20%, what will be the present value of ₹ 5,000 received at the end of the $4^{th}$ and $6^{th}$ years ?

(a) 3,885 (b) 8,385

(c) 3,585 (d) 3,785

(6) Compound interest is calculated on

(a) Principal amount only

(b) Interest amount only

(c) On principal amount + Interest amount

(d) On time value of money

(7) The data regarding sales of the Sanyam Ltd. as follows :

| **Product** | **Standard** | | **Actual** | |
|---|---|---|---|---|
| | **Units** | **Price per unit ₹** | **Units** | **Price per unit ₹** |
| P | 2,250 | 37.50 | 3,000 | 36.00 |
| R | 1,500 | 35.00 | 1,050 | 35.00 |

Hence the sales price variance and sales value variance will be respectively _________.

(a) –4500 and +12,375 (b) +4,500 and –12,375

(c) zero and –15,750 (d) +4,500 and +28,125

(8) If present value of total investment and present value of cash flow are equal then project

(a) is unacceptable

(b) has a profitability index more than one

(c) has a profitability index less than one

(d) has a profitability index is one

(9) The Swar Ltd. wants to purchase a machine at the cost of ₹ 2,40,000. Its cash flows in the 5 years are as ₹ 90,000, ₹ 1,20,000, ₹ 90,000, ₹ 70,000 and ₹ 60,000 respectively. Its expected rate of return is 10%. Present value factors of discount for five years are 0.909, 0.826, 0.751, 0.683 and 0.621.

What will be the payback period of machine on the basis of discounted cash flow ?

(a) 2.87 yrs (b) 3.87 yrs.

(c) 3.5 yrs. (d) 4.5 yrs.

(10) A company wants to invest ₹ 9,60,000 in one project. Useful life of the project is 6 years and scrap value is ₹ 60,000. Rate of taxation is 50%. Depreciation is to be provided as per straight line method. Annual cash flow before depreciation and taxation is as under :

₹ 1,80,000, ₹ 3,00,000, ₹ 2,84,000, ₹ 3,50,000, ₹ 4,25,000, ₹ 3,50,000

What is the Average Rate of Return on investments ?

(a) 18.16% (b) 16.16%

(c) 32.64% (d) 16.94%